જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૨/૨૦૧૮  શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-      સમાચાર યાદી નં.૩૬૮/૧૮

### નરોડા પોલીસ સ્ટેશન ખાતેના નાના ચિલોડા સર્કલ ખાતેથી ઇગ્લીશ દારૂનો જથ્થો કિ રૂ ૧૬,૮૦,૦૦૦/- નો પકડી પાડતી પોલીસ

આજરોજ તા.૨૩/૨/૨૦૧૮ નાઇટ રાઉંડ દરમ્યાન પીસીઆર ૪૮ ના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન પેટ્રોલીંગના ફરતા ફરતા કલાક ૦૧/૪૫ વાગ્યાના સુમારે નાના ચિલોડા સર્કલ ખાતે આવતા નાના ચીલોડા રીંગરોડ સર્કલ પાસે કાકા ભાજીપાવ તરફ જવાના જાહેર રોડ ઉપર એક આઇશર શકમંદ હાલતમાં જણાતા જે આઇશર ગાડી ને ચેક કરતા જેનો નં- એચ.આર-૬૩-એ-૨૧૪૯ નો હતો જેના ચાલકની તપાસ કરતા મળી ન આવતા જે ગાડીમાં ચેક કરતા જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશદારૂની બોટલ (ક્વાટર) નંગ-૧૬,૮૦૦ કિમત રૂપિયા ૧૬,૮૦,૦૦૦/- ની મત્તાની તથા બે મોબાઇલ ફોન જેની કુલ્લે કિ ૧૦૦૦/- ગણી શકાય તથા આઇશર ગાડી ની કિ રૂ. ૮,૦૦,૦૦૦/- ગણી કુલ્લે કિ રૂ ૨૪,૮૧,૦૦૦/- ની ગણી શકાય તે ઇંગ્લીશદારૂ ભરેલ આઇશરનો ડ્રાઇવર ગાડી મુકી નાસી ગયેલ હોય સદરી આઇશર ગાડીના ચાલક તથા ઉપરોક્ત ઇંગ્લીશદારૂ મંગાવનાર તથા મોકલનારની તપાસમા રહી આગળ ની વધુ તપાસ સીની.પો.ઇન્સ એચ.બી.વાઘેલા ચલાવે છે

## છેલ્લા ૨૭ વર્ષ થી અપહરણના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરાઈવાડી પોલીસ

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ ડી.આઈ.સોલંકી સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓ પકડા પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો બળદેવભાઈ લક્ષ્મણભાઈ તથા એલ.આર નીમેશકુમાર કૌશીકભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે અમરાઈવાડી પો.સ્ટે ફ.ગુર.નં.૭૫૮/૯૧ ઈપીકો ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૮૩,૩૬૫,૩૨૪ ૫૦૬(૨),૧૭૦,૧૧૪ મુજબના કામનો નાસતો ફરતો આરોપી ગણેશમલ રાજમલ શાહ ઉવ:૭૧ રહે:પતરાવાળી ચાલી સત્યમનગર શાક માર્કેટ અમરાઈવાડી અમદાવાદ શહેર હાલ:બી/૬૬ મારૂતી ટેનામેન્ટ ભાવના સુકની બાજુમા વસ્ત્રાલ રામોલ અમદાવાદ મુળવતન ગામ:સદર બજાર કપાસણ તા:કપાસણ જી:ચીત્તોડગઢ રાજસ્થાન ને પકડી ગુનાના કામે કલાક ૦૮/૩૦ વાગ્યે અટક કરી યોગ્ય કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.